ગાંધીનગરના પ્રવિણ માણિયાનો હત્યારો મહારાષ્ટ્રથી ઝડપાયો

સહઆરોપી અમદાવાદ ખાતેથી પકડવામાં ગાંધીનગર પોલીસને સફળતા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર હડમતિયા સામ્રાજય ફાર્મ હાઉસ ખાતે

કોંગ્રેસના અગ્રણી પ્રવિણભાઈ માણીયા ચકચારી મર્ડર કેસના મુખ્ય સુત્રધાર જયદિપસિંહ ગોહિલને મહારાષ્ટ્રના લોનાવલાના રિસોર્ટમાંથી ઝડપી લેવામાં આવ્યા હતા. જયારે તરૂણસિંહ ઝાલાને અમદાવાદ ખાતે થી પકડી પાડ્યા હતા. પોલીસે હાલમાં આરોપીઓના તા. ૨૮ સપ્ટેમ્બર સુધી રિમાન્ડ મેળવી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરને અડીને આવેલા હડમતીયા સ્થિત સામ્રાજય ફાર્મ હાઉસ ખાતે ગત તા.૧૭ સપ્ટેમ્બરના રોજ પ્રવિણ માણીયા અને મિત્રોએ મહેફીલ યોજી હતી. આ મહેફીલમાં જયદિપસિંહ ગોહિલ, તરૂણસિંહ ઝાલા, જયરાજસિંહ, હરપાલસિંહ, જનક વીછીંયા, મોહિત રબારી અને અમદાવાદના સંતોષ ભરવાડનો સમાવેશ થાય છે. દારૂની મહેફીલ જામી હતી અને કોઈ સામાન્ય બાબતે માથાકુટ થઈ હતી. જયારે સામાન્ય તકરારે ઉગ્ર સ્વરુપ ધારણ કરતા જયદિપસિંહ (રહે. રોહિણી તારાપુર) અને તરૂણસિંહે પ્રવિણ માણીયાને તલવાર અને ગોળી મારી દઈ હત્યા કરી નાંખી હતી. ત્યારબાદ હત્યા બાદ આ બંન્ને ગાડી લઈ નાસી છુટ્યા હતા. સામ્રાજય ફાર્મ ખાતે ખેલાયેલા ખુની ખેલ પ્રકરણમાં સેકટર-૭ પોલીસ સહિત પોલીસની વિવિધ એજન્સીઓ આરોપીઓને પકડી પાડવા માટે કામે લાગી હતી. એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાએ વિવિધ ટીમો બનાવી આરોપીઓના લોકેશન મેળવવા માટે તજવીજ હાથ ધરી બાતમીદારો સક્રિય કર્યા હતા. બાતમીને પગલે પીએસઆઈ એસ.પી.જાડેજા અને પી.ડી.વાઘેલાની ટીમે તરૂણસિંહ અશોકસિંહ ઝાલાને (હાલ રહે. મ.નં.૧૨ જૈન નગર સોસાયટી બોપલ ઘુમા અમદાવાદ રહે.ગામ કંથારીયા તા.ચુડા જી સુરેન્દ્રનગર)ને અમદાવાદ થી પકડી પાડ્યો હતો. તો બીજીતરફ પીએસઆઈ વી.કે.રાઠોડ અને તેમની ટીમના સભ્યોને મહારાષ્ટ્ર તરફ રવાના કર્યા હતા. જયારે ચકચારી મર્ડર કેસને પગલે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા પણ આ કેસનું પળેપળનું અપડેટ મેળવતા હતા. ત્યારે મુખ્ય સુત્રધાર જયદિપસિંહ મહારાષ્ટ્રના લોનાવલા ખાતે આવેલા રેલીસન્સ રીસોર્ટ ખાતે છુપાયો હોવાનું સાબિત થતા ટીમ પહોંચી ગઈ હતી અને તેને દબોચી લીધો હતો. જયદિપસિંહ હડમતીયા પ્રવિણભાઈના સામ્રાજય ફાર્મ ખાતે પહેલીવાર આવ્યો હોવાનુ સામે આવ્યું છે. જયારે મહેફીલ દરમિયાન પાર્ટી આપવાની વાત ને લઈ તકરાર થતા જયદિપસિંહે ગોળી મારી હતી. કન્સ્ટ્રકશન અને ટ્રાવેલ્સના વેપાર સાથે સંકળાયેલા જયદિપસિંહ કરોડો રૂપીયાના માલિક હોવાનું પણ જાણવા મળ્યું છે. જયારે હાલમાં આરોપીઓના તા.૨૮ સપ્ટેમ્બર સુધી રીમાન્ડ મળતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જયદિપસિંહ કન્સ્ટ્રકશન અને ટ્રાવેલ્સના વેપાર સાથે સંકળાયેલ છે

ગાંધીનગર શહેરમાં રહેતા અને કોંગ્રેસના અગ્રણી પ્રવિણ માણીયાની હત્યા કરનાર જયદિપસિંહ સિવિલ એન્જીનિયર છે. જયારે જયદિપસિંહ ટ્રાવેલ્સ અને કન્સ્ટ્રકશનના વેપાર સાથે સંકળાયેલા હોવાથી કરોડો રૂપીયાના આસામી હોવાનું જાણવા મળ્યું છે. જયદિપસિંહ પાસે અનેક લકઝરી બસો અને ગુજરાત સહિત અન્ય રાજયમાં પણ તેમનો વેપાર વિસ્તારાયેલ છે. જયદિપસિંહ મોંઘીદાટ ગાડીઓ અને વૈભવી લાઈફ સ્ટાઈલના શોખીન છે.

તરૂણસિંહ ઝાલા જમીન દલાલ અને હોટલ માલિક

અમદાવાદ બોપલ ખાતે રહેતા તરૂણસિંહ ઝાલા જમીન લે - વેચનો વેપાર કરે છે. તે ઉપરાંત તરૂણસિંહ હોટલ પણ ધરાવે છે.જયારે તેમની પાસે જમીન પણ છે અને હત્યા બાદ તેઓ અમદાવાદના વિવિધ વિસ્તારમાં છુપાઈને જગ્યા બદલતા હતા.

ઝુંડાલની મહિલા ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બની

ગાંધીનગર, તા. ૨૪

ઝુંડાલ વિવાન-૧૦૧ ખાતે મકાન નં.બી-૭૦૩ ખાતે રહેતા ૫૮ વર્ષિય મહિલા આચાર્ય ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બન્યા છે. બોપલનું ઘર ભાડે આપવા માટે તેઓએ ઓએલએકસ અને કવીકર પર જાહેરાત આપી હતી. જેથી આચાર્યાના મોબાઈલ પર કેપ્ટન અમિત નામના વ્યકિતએ ફોન કરી મકાન ભાડે રાખવા માટે વાત કરી હતી. ત્યારબાદ પેમેન્ટ ગુગલ પે કરીશ તેમ કહીને મહિલા આચાર્યની બેંકની માહિતી મેળવી તેમના એકાઉન્ટમાંથી જુદા જુદા સમયે ગુગલ પે થી રૂ.૪૮ હજાર ઓનલાઈન ટ્રાન્જેકશન કરી છેતરપિંડી કરી ગુનો આચરતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કિર્તિદા ભાનુશંકર ત્રિવેદી બી.૭૦૩ વિવાન ઝુંડાલ ખાતે પોતાના પરિવાર સાથે રહે છે. અને એલીસબ્રિજ ખાતે શાળા નં.૩૦ ખાતે આચાર્ય તરીકે ફરજ બજાવે છે. બોપલ ખાતે તેમનું મકાન ભાડે આપવા માટે જાહેરાત આપી હતી. જેને પગલે તેઓને તા.૭.૬.૨૧ ના રોજ રાત્રીના ૯ વાગે ફોન આવ્યો હતો અને મનોહરસિંહ હૈદરાબાદ આર્મીમાંથી બોલું છુ અને અમદાવાદ ખાતે બદલી થવાથી તમારુ મકાન ભાડે લેવુ છે. મકાન જોવાનું જણાવતા સામેથી ૧૫ જુને સામાન લઈ રહેવા આવીશ. ભાડા અંગે વાત કરતા બે ભાડા ડિપોઝીટ અને એક ભાડુ એડવાન્સ લેવાની વાત કરી હતી. તે વ્યકિતનું ફોટો આઈડી કાર્ડ માંગતા આધારકાર્ડ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, સહિતના જરુરી ડોક્યુમેન્ટ મોકલી આપ્યા હતા. ત્યારબાદ તા.૮-૬-૨૧ ના રોજ સાંજના પાંચ વાગે ફરીયાદીને ફોન આવ્યો હતો કે હુ કેપ્ટન અમિત બોલુ છુ. તમારા ઘરે આર્મીમેન રહેવા માટે આવે છે તેનું અમે કંપની થ્રુ પેમેન્ટ કરીશુ, મિલીટરી મર્ચન્ટ કાર્ડથી પેમેન્ટ કરીશુ તમારુ ગુગલ પે ઓપન કરો તેમ કહેતા ગુગલ પે ઓપન કર્યું હતું. ત્યારબાદ સામેવાળી વ્યકતિએ બેંક ટ્રાન્સફરમાં જવાનું કહેતા હું બેંક ટ્રાન્સફરમાં ગઈ હતી. તેમાં એકાઉન્ટ નંબર આવતા તે વ્યકિતએ કાર્ડનો નંબર મોકલ્યો હતો.આઈએફસી કોડમાં પેટીએમ નંખાવેલ અને રીસીપ્સમાં નામ લખીને કન્ટીન્યુના ઓપશન પર કલીક કરતા રકમનું ઓપ્શન આવતા ફરીયાદીએ રૂ.૫૧ હજાર લખ્યા હતા. યુપીઆઈ કોડ માંગતા તે નાંખીને ઓકે કરતા નેટવર્ક પ્રોબ્લેમ આવ્યો હતો. ત્યારબાદ અડધી અડધી રકમ નાંખવાની વાત કરી હતી. જેથી ફરીયાદીએ ૩૧ હજાર અને ૧૭ હજાર નાંખ્યા હતા. ત્યારે ફરીયાદીના એકાઉન્ટમાંથી પૈસા કપાઈ ગયાનો મેસેજ આવ્યો હતો. ફરીયાદીના કુલ રૂ.૪૮ હજાર ઓનલાઈન ટ્રાન્જેકશન દ્વારા છેતરપિંડી થતા તેણીએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરના માર્ગો પર 'આપ'ની મહારેલી યોજાઈ

આપના પ્રદેશ નેતા મહેશ સવાણી સહિત વોર્ડ નં.૬ના ઉમેદવારો અને મોટી સંખ્યામાં જોડાયાં : કાર્યકરોએ બેનર-ઝંડા અને સુત્રોચ્ચાર દ્વારા આપને તક આપવા મતદારોને અપીલ કરી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી જંગમાં રંગમાં રોમાંચકતા વધતી જાય છે, પહેલીવાર પાટનગરમાં ચુંટણી લડી રહેલી આમ આદમી પાર્ટી ભાજપ-કોંગ્રેસ બંને માટે ચિંતાનું કારણ બનતી દેખાઈ રહી છે. આજે આમ આદમી પાર્ટીના શહેર યુવા સંગઠનના પ્રમુખ સૌરભસિંહ ચૌહાણ દ્વારા શહેરના વોર્ડ નંબર-૬માં મહારેલી - રોડ શોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આપના પ્રદેશ નેતા મહેશ સવાણી જોડાયાં હતાં. આ સાથે રેલીમાં વોર્ડ નં.૬ના આમ આદમી પાર્ટીના ઉમેદવારો ભુમીબેન રઘુભાઈ રબારી, નવીનભાઈ નાડિયા, તુષાર પરીખ તથા હર્ષાબેન શ્રીમાળી વગેરે ખુલ્લી જીપમાં રેલીમાં જોડાયાં હતા.

સેક્ટર-૧૭થી શરૂ થયેલી આ રેલીમાં મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના કાર્યકરો બાઈક અને સ્કુટરો લઈને જોડાયા હતા અને રેલીમાં સૂત્રોચ્ચાર કરતાં શહેરના માર્ગો પર ચુંટણી પ્રચારનો માહોલ સર્જ્યો હતો. આપની આ મહારેલી સે.૧૭થી નિકળી સે.૧૬, સે.૧૫, સે.૧૪, સે.૧૩ થઈને ખ-રોડ પરથી છેક સરગાસણ ચાર રસ્તા ખાતેના આમ આદમી પાર્ટીના કાર્યાલય સુધી ગઈ હતી. મહારેલીના સમગ્ર રૂટ દરમ્યાન આપના કાર્યકરોએ પાર્ટીના બેનર-ઝંડા દર્શાવીને સૂત્રોચ્ચાર કર્યા હતા તથા ગાંધીનગરમાં આમ આદમી પાર્ટીને એકવાર તક આપવા માટે મતદારોને અપીલ કરી હતી.

આદિત્ય બિરલા સન લાઈફ એએમસી લિમિટેડનો આઈપીઓ ૨૯મીએ ખુલશે

ભારતમાં ૩૧ માર્ચ, ૨૦૧૮ સુધી ક્યુએએયુએમ દ્વારા સૌથી મોટી નોન-બેંક એફિલિએટેડ તરીકે માન્યતાપ્રાપ્ત અને ક્રિસિલ રિપોર્ટ મુજબ, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૧થી અત્યાર સુધી ક્યુએએયુએમ દ્વારા ભારતમાં ચાર સૌથી મોટી એએમસીમાં સામેલ આદિત્ય બિરલા સન લાઈફ એએમસી લિમિટેડ ("કંપની")એ ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ એનો આઈપીઓ ("ઓફર") રજૂ કરવાની યોજના બનાવી છે.

ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૬૯૫થી રૂ. ૭૧૨ છે. બિડનો લોડ લઘુતમ ૨૦ ઈક્વિટી શેરનો છે અને પછી ૨૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ થઈ શકશે.

ઓફરમાં વેચાણ માટેની ઓફર દ્વારા આદિત્ય બિરલા સન લાઈફ એએમસીના રૂ. પની ફેસ વેલ્યુ ધરાવતા ૩૮,૮૮૦,૦૦૦ ઈક્વિટી શેર ("ઈક્વિટી શેર") સામેલ છે. વેચાણ માટેની ઓફરમાં આદિત્ય બિરલા કેપિટલ લિમિટેડ ("એબીસીએલ") દ્વારા ૨,૮૫૦,૮૮૦ ઈક્વિટી શેર અને સન લાઈફ (ઈન્ડિયા) એએમસી ઈન્વેસ્ટમેન્ટ ઈક્ર. (એબીસીએલ સાથે સંયુક્તપણે "સન લાઈફ એએમસી", "વિક્રેતા શેરધારકો") દ્વારા ૩૬,૦૨૯,૧૨૦ ઈક્વિટી શેર સામેલ છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં સગર્ભાવસ્થા દરમિયાન પોષણ અને આરોગ્ય વિષય પર સેમિનાર

ગાંધીનગર, તા.૨૪

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે સગર્ભાવસ્થા દરમિયાન પોષણ અને આરોગ્ય વિષય પર બે દિવસીય નેશનલ સેમિનાર યોજાશે. તારીખ ૨૫ અને ૨૬ના રોજ આ સેમિનાર યોજાશે. જે સવારે ૧૦.૩૦ વાગ્યાથી શરુ કરવામાં આવશે. જેમાં ડૉ. અભિમન્યુકુમાર (ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન યુનિવર્સિટી રાજસ્થાન આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિ) ઉપસ્થિત રહેશે.

પ્રવાસન ક્ષેત્રમાં યોગદાન આપનાર સંસ્થા-વ્યક્તિઓને ગુજરાત ટ્રાવેલ એન્ડ ટુરિઝમ એક્સલન્સ અવોર્ડથી સન્માનિત કરાશે

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત પ્રવાસન દ્વારા રાજયના પ્રવાસન ક્ષેત્રમાં યોગદાન આપનાર સંસ્થા-વ્યક્તિઓને ગુજરાત ટ્રાવેલ એન્ડ ટુરિઝમ એક્સલન્સ અવોર્ડ-૨૦૨૧થી સન્માનિત કરવામાં આવશે. આ પ્રસંગે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. તારીખ ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ સાંજે ૫.૩૦ કલાકે ધી લીલા, ગાંધીનગર ખાતે એવોર્ડ સમારોહ યોજાશે.

ગુજરાત ટ્રાવેલ એન્ડ ટુરિઝમ એક્સલન્સ અવોર્ડ-૨૦૨૧ માં રાજયના પ્રવાસન મંત્રી પૂર્ણેશભાઈ મોદી, રાજયકક્ષાના પ્રવાસન મંત્રી અરવિંદભાઈ રૈયાણી, પંકજકુમાર, મુખ્ય સચિવ-ગુજરાત, એડિશનલ ડાયરેક્ટર જનરલ-મિનિસ્ટ્રી ઓફ ટુરિઝમ, ગુજરાત પ્રવાસન વિભાગના સચિવ હરિત શુક્લા, ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર જેનુ દેવાન સહિત અન્ય મહાનુભાવો અને પ્રવાસન ક્ષેત્ર સાથે સંકળાયેલા નાગરિકો ઉપસ્થિત રહેશે.

બેસ્ટ ૩ સ્ટાર હોટેલ, બેસ્ટ ૪ સ્ટાર હોટેલ, બેસ્ટ ૫ સ્ટાર હોટેલ, બેસ્ટ હેરિટેજ હોટેલ, બેસ્ટ ઈકો રીસોર્ટ, બેસ્ટ હોમ સ્ટે એસ્ટાબિલિશમેન્ટ, બેસ્ટ ઈન-બાઉન્ડ ટુર ઓપરેટર, બેસ્ટ ઈન-બાઉન્ડ ટુર ઓપરેટર, અન્ય રાજયમાંથી બેસ્ટ ટુર ઓપરેટર ટુ ગુજરાત, બેસ્ટ ટ્રાવેલ ફ્લિટ ઓપરેટર, બેસ્ટ થીમ પાર્ક, બેસ્ટ ટ્રાવેલ બ્લોગર, બેસ્ટ ફોટોગ્રાફર-હેરિટેજ, બેસ્ટ ફોટોગ્રાફર-વાઈલ્ડ એન્ડ નેચર, બેસ્ટ ફોટોગ્રાફર-ટુરિઝમ ડેસ્ટિનેશન્સ, બેસ્ટ ગુજરાતી ક્યુઝિન રેસ્ટોરન્ટ, બેસ્ટ થીમ બેઈઝ્ડ રેસ્ટોરન્ટ, લિડીંગ ટુરિઝમ ઈનિશિએટીવ બાય અ ડિસ્ટ્રિક્ટ, બેસ્ટ બેક્વેટ ફેસિલિટી, બેસ્ટ ટુર ગાઈડ, બેસ્ટ શેફ, બેસ્ટ હેન્ડીક્રાફ્ટ ક્રાફ્ટપર્સન, બેસ્ટ ટ્રાવેલ, ટુરિઝમ એન્ડ હોસ્પિટાલિટી ઈન્સ્ટિટ્યુટ, બેસ્ટ ટ્રાવેલ એન્ડ ટુરિઝમ સ્ટાર્ટ-અપ, બેસ્ટ ઈનોવેટિવ ટુરિઝમ માર્કેટીંગ કેમ્પેઈન, સ્પેશ્યલ કન્ટ્રીબ્યુશન ટુ ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ઈન્ડસ્ટ્રી સહિત ૨૬ કેટેગરીમાં એવોર્ડ આપવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત ટ્રાવેલ એન્ડ ટુરિઝમ એક્સલન્સ અવોર્ડ સમારોહની બીજી એડિશન છે.

ગાબડા દૂર કરવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખરાબ થઈ ગઈ છે. સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ છેલ્લા પાંચ વર્ષથી હાથ ધરાયુ ન હોય તેવા કિસ્સામાં માર્ગો બિસ્માર બન્યા છે. વરસાદી પાણીના સતત ભરાવાના લીધે પણ માર્ગો ઉબડ ખાબડ જોવા મળી રહ્યા છે. ત્યારે સેકટરોમાં હાલ વરસાદી દિવસોના લીધે માર્ગોની સુધારણાનુ કામ બંધ છે. ત્યારે રસ્તાઓ પરના ગાબડા અને પેચીસ દુર કરવા ટીમ કામે લાગી છે.

વિવાદ સર્જ્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કમિશનર ડો.ધવલ પટેલે મહાનગર પાલિકા દ્વારા ભાટ વિસ્તારના વિકાસ માટે રૂ.૫૦૦ કરોડ મંજુર કર્યા હોવાનું જણાવી આડકતરી રીતે ભાજપનો પ્રચાર કર્યો હોવાનું જણાવતાં કોંગ્રેસના કાર્યકારી શહેર પ્રમુખ પ્રદિપસિંહ વાઘેલાએ કહ્યું હતું કે 'અત્યારે આચારસંહિતા લાગુ હોવા છતાં મ્યુનિસિપલ કમિશનર દ્વારા તંત્રની વિકાસની કામગીરી સમીક્ષાના બહાને આડકતરી રીતે ભાજપનો પ્રચાર કરવામાં આવી રહ્યો હતો. એ સમયે કોંગ્રેસના અગ્રણીઓ સહિત તેઓ ભાટ ખાતે ધસી જતાં તેમણે મ્યુનિસિપલ કમિશનર સહિત ટીમને રંગે હાથ ઝડપી હતી'.

બીજી તરફ આમ આદમી પાર્ટી દ્વારા રાજયના મુખ્ય ચૂંટણી કમિશ્નર સંજય પ્રસાદને આવેદનપત્ર આપી મ્યુનિસિપલ કમિશનર સામે પગલાં ભરવા માંગ કરવામાં આવી છે. આ ઘટનાને સંદર્ભે કોંગ્રેસના પ્રદેશ પ્રભારી જયરાજસિંહ પરમારે જણાવ્યું હતું કે 'સરકારી કામના બહાને વગદાર નાગરિકોને ભેગા કરીને મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા પોતાની ટીમ સહિત ગાંધીનગરના વિકાસની લોલીપોપ આપીને આંજી દેવાનો પ્રયાસ કરી ભાજપને ફાયદો થાય તેવું કૃત્ય કરવામાં આવ્યું છે જેની ચૂંટણી પંચે ગંભીર રીતે નોંધ લેવી જોઈએ.' જ્યારે વાડ જ ચીભડાં ગળે ત્યારે કોને ફરિયાદ કરવા જવી તેવી આ સ્થિતિ ગાંધીનગરમાં જોવ મળી રહી છે. આ બેઠકમાં ગાંધીનગર મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા માત્ર કોવિડ-૧૯ની ગાઈડલાઈનનો ભંગ કરવામાં નથી આવ્યો પરંતુ નિષ્પક્ષ ચૂંટણી માટે તંત્રની દાનત પરનો નાગરિકોનો વિશ્વાસ પણ ડગમગાવી દીધો છે, ચૂંટણી પંચે તાત્કાલિક અસરથી મ્યુનિસિપલ કમીશનર સમક્ષ પગલા ભરવા જોઈએ.

પાણીઢોળ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનેકવિધ કાર્યયોજનાઓ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે. પરંતુ આ સઘળા આયોજનોના અંતે ધીમે ધીમે સેકટરવાસીઓ માટે નતનવી સમસ્યાઓ ઉભી થઈ રહી હોવાનો આક્રોશ પણ ઉઠવા પામ્યો છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ સેકટરોમાં પેવર બ્લોકની કામગીરી પણ પુરજોશમાં કરવામાં આવી છે. જેમાં ૮૦ : ૨૦ ના રેશિયામાં લોકભાગીદારીથી સેકટરોમાં પેવર બ્લોકની કામગીરી કરવામાં આવે છે. પરંતુ પેવર બ્લોકની આડેધડ કામગીરીના લીધે સેકટરોમાં ઘણાં સમયથી આંતરિક માર્ગોનુ અસ્તિત્વ જોખમાયુ છે. સેકટરોના આંતરિક માર્ગોને અડીને લેવલીંગ જાળવ્યા વિના ઠેર ઠેર પેવર બ્લોક ફીટ કરી દેવાતા માર્ગો નિચાણમાં ધકેલાઈ ગયા છે. આ સ્થિતિ વચ્ચે નિચાણમાં ધકેલાયેલા માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો થતા માર્ગોનુ ધોવાણ થાય છે. સેકટરોમાં હાલ ટુંકા ગાળામાં માર્ગોની અવદશા પાછળ પેવર બ્લોકની આડેધડ થયેલી કામગીરી જવાબદાર છે. જયારે પેવર બ્લોકના લીધે દબાણોની સમસ્યા પણ વધુ પેચીદી બની છે. સેકટરોમાં રીંગ રોડ તેમજ આંતરિક માર્ગો પર લાંબા સમય સુધી વરસાદી પાણીનો ભરાવો જોવા મળે છે. જેના લીધે ડામર માર્ગને નુકશાન થાય છે. માર્ગ નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. પરંતુ પાણી ઢોળ થઈ જાય છે. આ મામલે પાટનગર યોજના વિભાગે પત્ર લખીને કોર્પોરેશનના તંત્રને રજુઆત પણ કરી છે. આમછતા હજુ સુધી પેવર બ્લોકની કામગીરીને અનુલક્ષી માર્ગોનુ યોગ્ય લેવલીંગ જળવાય તેની દરકાર લેવાતી નથી. હાલમાં પણ વરસાદી દિવસોમાં આ સ્થિતિ સર્જાઈ હોવાના દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

આમંત્રણ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જરૂરી અને ઐતિહાસિક પ્રસંગ હતો. તમે દુનિયાભરમાં અનેક લોકો માટે પ્રેરણારૂપ છો. મને વિશ્વાસ છે કે રાષ્ટ્રપ્રમુખ જો બાઈડન અને આપના નેતૃત્વ હેઠળ આપણા દ્વીપક્ષીય સંબંધો નવા શિખરને સ્પર્શ કરશે. પીએમ મોદીએ કમલા હૈરિસને ભારત આવવાનું આમંત્રણ આપ્યું. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આપની જીતની સફર ચાલુ રાખતા, ભારતીય પણ તેને ભારતમાં ચાલુ રાખશે અને આપના ભારત આવવાનો ઈંતજાર કરશે, તેથી હું આપને ભારત આવવાનું આમંત્રણ આપું છું. કમલા હૈરીસે એ વાત પર ભાર મૂક્યો કે ભારત અને અમેરિકાની સાથે કરવાથી બંને દેશોના લોકો પર ઉપરાંત વિશ્વ પર ઘેરી અસર પડશે. તેમણે કોવિડ-૧૯ સહિત અનેક પ્રસંગો પર બંને દેશો વચ્ચે જોવા મળેલા સહયોગનો ઉલ્લેખ કર્યો. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, કોવિડ-૧૯ સંકટ બંને દેશોએ મળીને કામ કર્યું. મહામારીની શરૂઆતમાં ભારત અન્ય દેશોને વેક્સીન પહોંચાડવાનું અગત્યનું માધ્યમ હતું. આ દરમિયાન કમલા હૈરિસની સાથે જૂનમાં થયેલી વાતચીતનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે આપે જે રીતે મારી સાથે વાત કરી હતી તે હંમેશા યાદ રહેશે. કમલા હૈરિસ સાથેની મીટિંગમાં પીએમ મોદીએ કહ્યું કે, મારી સાથે વાત કરતી વખતે આપે જે શબ્દોની પસંદગી કરી, હું તેને હંમેશા યાદ રાખીશ અને હું દિલથી આપને ધન્યવાદ આપવા માંગું છું. વડાપ્રધાને કહ્યું કે, એક સાચા દોસ્તની જેમ આપના સહયોગ અને સંવેદનશીલતાથી ભરેલો સંદેશ આપ્યો અને તાત્કાલિક અમે જાણ્યું કે, અમેરિકાની સરકાર, કોર્પોરેટ સેક્ટર અને ભારતીય સમુદાય ભારતની મદદ કરવા માટે એક સાથે આવ્યા છે. કમલા હૈરિસે ભારતના કોવિડ-૧૯ વેક્સીનની નિકાસ ફરી શરૂ કરવાના નિર્ણયના પણ વખાણ કર્યા.

૧૨ કલાકનું બંધ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોતા ઘટનાસ્થળથી થોડા જ અંતરે પોલીસે કેમ્પ કરી દીધો છે. ઢોલપુર વિસ્તારમાં તણાવ હજુ પણ વ્યાપ્ત છે. વિસ્તારમાં ભારે સેના તૈનાત કરવામાં આવી છે. જિલ્લા વહીવટીતંત્રએ પોલીસ અને કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળના અસ્થાયી કેમ્પ સેટ કરાવ્યા છે. ઉલ્લેખનીય છે કે અસમના બલુઆ ઘાટથી ઢોલપુર લગભગ ચાર કિલોમીટર દૂર છે. ઢોલપુરમાં દબાણ હટાવવા ગયેલી પોલીસ પર લોકોએ પથ્થરમારો કરી દીધો જે બાદ પોલીસે ફાયરીંગ કર્યુ. ફાયરીંગની આ ઘટનામાં બે લોકોના મોત થઈ ગયા. આ ઘટનાને લઈને વિપક્ષી કોંગ્રેસે હેમંત બિસ્વા સરમાની સરકાર પર નિશાન સાધ્યુ છે. ઘટનાને લઈને રાજકારણ ગરમાયુ છે.

કોર્ટમાં ફાયરીંગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સંભાળતા જોવા મળી રહ્યા છે. ગોળીઓનો અવાજ સાંભળીને વકીલ સહિતના લોકોમાં દોડધામ મચી ગઈ હતી. જીતેન્દ્ર ગોગી એ જ વ્યક્તિ છે જેના વિશે આ વર્ષે જ ખબર પડી કે તે જેલના સળિયા પાછળ રહીને પણ ગેંગ ચલાવી રહ્યો હતો. અલીપુર દિલ્હીના રહેવાસી ગોગી પર હત્યા, લૂંટફાટ, જમીન પચાવી પાડવાના કેસ નોંધાયેલા છે. જ્યારે ૨૦૧૬માં તેની ધરપકડ કરવામાં આવી હતી, ત્યારે તે ત્રણ મહિનાની અંદર કસ્ટડીમાંથી ભાગી ગયો હતો. એક સમયે તેના પર ૪ લાખ રૂપિયાનું ઈનામ રાખવામાં આવ્યું હતું. હરિયાણા પોલીસે ૨ લાખનું ઈનામ પણ જાહેર કર્યું હતું. જો કે, બાદમાં દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે તેની ધરપકડ કરી હતી. ટિલ્લુ તાજપુરી અને જીતેન્દ્ર ગોગી બંને દિલ્હી યુનિવર્સિટીની શ્રદ્ધાનંદ કોલેજના વિદ્યાર્થીઓ હતા. કોલેજકાળથી જ બંને વચ્ચે દુશ્મની શરૂ થઈ હતી. જે એટલી વધી ગઈ કે, છેલ્લા ૩-૪ વર્ષમાં ૨૦થી વધુ ગેંગ વોર થઈ, જેમાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા. દિલ્હીના બુરારી વિસ્તારમાં આ બે ગેંગ વચ્ચે ફાયરિંગ થયું હતું, જેમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા હતા. જો કે, હવે રોહિણી કોર્ટમાં આ ગેંગ વોર બાદ સવાલો ઉભા થઈ રહ્યા છે કે હુમલાખોરો હથિયારો સાથે કોર્ટ પરિસરમાં કેવી રીતે પ્રવેશ્યા. કોર્ટની સુરક્ષાને લઈને પણ સવાલો ઉભા થઈ રહ્યા છે. દિલ્હી પોલીસના જણાવયા અનુસાર, બેંને હુમલાખોર વકીલ બનીને કોર્ટ પરિસરમાં પહોંચ્યા હતા. ત્યારબાદ તેમણે કોર્ટ રૂમમાં જ ગેંગસ્ટર જિતેન્દ્રને ગોળી મારી હતી. સ્પેશિયલ સેલની ટીમે જિતેન્દ્રને કોર્ટ રૂમમાં લઈ ગઈ હતી, જ્યાં આ ઘટના બની હતી. માનવામાં આવી રહ્યું છે કે, દિલ્હીની ટિલ્લૂ ગેંગે જિતેન્દ્રની હત્યા કરી છે. જે બે હુમલાખોર ઠાર માર્યા છે, તેમાં એક રાહુલ છે જેના પર ૫૦ હજારનું ઈનામ છે. જ્યારે અન્ય એક બદમાશ છે. જિતેન્દ્રને બે વર્ષ પહેલા સ્પેશિયલ સેલના ગુરૂગ્રામથી ધરપકડ કરી હતી. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલના જણાવ્યા અનુસાર જીતેન્દ્ર ગોગીએ ગુના દ્વારા ઘણી સંપત્તિ કમાઈ હતી. જીતેન્દ્ર ગોગીના નેટવર્કમાં ૫૦ થી વધુ લોકો છે. ઉલ્લેખનીય છે કે, જિતેન્દ્ર ગોગીના વર્ષ ૨૦૨૦ માં ગુરૂગ્રામથી ધરપકડ કરી હતી. ગોગીની સાથે કુલદીપ ફજ્જાની પણ ધરપકડ કરવામાં આવી હતી. કુલદીપ ફજ્જા બાદમાં ૨૫ માર્ચના કસ્ટડીથી ફરાર થઈ ગયો હતો. ફજ્જા જીટીબી હોસ્પિટલથી ફરાર થયો હતો. ત્યારબાદ તેનું એકાઉન્ટર કરવામાં આવ્યું હતું.

પીએમ કેર્સ ફંડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કે અન્ય ઓથોરિટી હોય કે આરટીઆઈની જોગવાઈઓની વ્યાખ્યા હેઠળ કોઈ 'જાહેર ઓથોરિટી' હોય ત્યારે પણ ત્રીજા પક્ષની માહિતીનો ખુલાસો કરવાની મંજૂરી નથી. અન્ડર સેક્રેટરીએ સોગંદનામામાં જણાવ્યું છે કે ટ્રસ્ટ તરફથી પ્રાપ્ત બધું જ દાન ઓનલાઈન ચૂકવણી, ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટના માધ્યમથી મેળવાય છે અને મળેલી રકમનું ઓડિટ થાય છે અને તેનો રિપોર્ટ અને ટ્રસ્ટના ખર્ચને વેબસાઈટ પર દર્શાવાય છે. અધિકારીએ જણાવ્યું કે પીએમ કેર્સ ટ્રસ્ટમાં તેઓ માત્ર માનદ ધોરણે કામગીરી કરી રહ્યા છે, કારણ કે તે સખાવાતી ટ